(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૨)**

૧. પૌષધશાળા **પોંજીને ઉચ્ચાર પાસવણ ભૂમિકા પડિલેહીને** ગમણાગમણે

૨. જં ઉગ્ગમેણં **ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં પરિભુત્તં વા જં** ન પરિટ્ઠવિયં

૩. વંતેસુ વા **પિત્તેસુ વા પૂએસુ વા સોણિએસુ સુક્કેસુ વા** સુક્ક

૪. સમાણે **દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય** જ્ઞાન

૫. સામાઈયં **સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ** નિયમં

૬. દેવસિયસ્સ **અઈયારસ્સ પડિક્કમામિ સમણોSહં સંજય** વિરય

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સિદ્ધા મંગલં | **સિદ્ધ ભગવંતો મંગલ છે** |
| ૨. બીય ભોયણાએ | **બીજવાળું ભોજન લેવા વડે** |
| ૩. કક્કરાઈએ | **શય્યા સંબંધી કચકચ કરવાથી તથા ઉઘાડા મોઢે બોલવાથી** |
| ૪. સુદિટ્ઠ | **ભલી દ્દષ્ટિથી જોયા છે** |
| ૫. ભંડોવગરણસ્સ | **પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિથી** |
| ૬. ભિક્ખાયરિયાએ | **ભિક્ષાચર્યામાં** |
| ૭. બહુ સુભેણં | **ઘણા સમાધિભાવે–શુભ યોગે** |
| ૮. અકરણયાએ | **નહિ કરવા વડે** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૪)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. અશુદ્ધ ભિક્ષા | **અપરિસુદ્ધં** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૨. અયત્નાથી છીંક ખાવાથી | **છીએ** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૩. કીડિયારા વગેરે જીવોના દર | **ઉત્તિંગ** | **સામાયિકના ત્રીજા પાઠમાં** |
| ૪. તે પ્રકારના કોઈપણ સ્પર્શ થાય | **ફાસાફુસંતુ** | **સંથારાના પાઠમાં** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આલોયણા કેટલા કરણ, કેટલા યોગ અને કયા કરણ–યોગે લેવાય છે?

**જ. આલોયણા ત્રણ કરણ અને ત્રણ યોગે થાય છે. ત્રણ કરણ – કરવું, કરાવવું, અનુમોદવું. ત્રણ યોગ – મન, વચન, કાયા.**

૨. બીજા શ્રમણસૂત્રમાં પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય અને ત્રસકાયની વિરાધના થઈ હોય તેવું બતાવતા શબ્દ કયા છે?

**જ. પૃથ્વીકાય – રય સંસટ્ઠહડાએ, અપ્કાય – દગ સંસટ્ઠહડાએ, વનસ્પતિકાય – બીય ભોયણાએ, હરિય ભોયણાએ, ત્રસકાય – સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ, પાણ ભોયણાએ.**

૩. સ્વાધ્યાયના કેટલા અને કયા કયા ભેદ છે? માત્ર નામ લખો. પ્રતિલેખન કેટલીવાર કરવાનું છે?

**જ. પાંચ – વાચના, પુચ્છણા, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા. પ્રતિલેખન પહેલા અને ચોથા પ્રહરે એમ બે વાર કરવાનું હોય છે.**

૪. અગ્રપિંડ, ગોટલી વગેરે યુક્ત, સચેત–અચેતની શંકા હોય તેવો, અસૂઝતો આહાર લે તો કયો દોષ લાગે?

**જ. મંડી પાહુડિયાએ, પારિટ્ઠાવણિયાએ, સંકિએ, અણેસણાએ.**

૫. શ્રાવક પ્રથમ ત્રણ શ્રમણસૂત્રનો ઉપયોગ કરે છે?

**જ. શ્રાવક દશમું વ્રત, પૌષધ વ્રત, દયા વ્રત આદિ ધારણ કરે ત્યારે નિદ્રા દોષ, ગોચરી દોષ અને પ્રતિલેખના**

**કે સ્વાધ્યાય દોષ આદિથી નિવૃત્ત થવા માટે પ્રથમ ત્રણ શ્રમણસૂત્રનો ઉપયોગ કરે છે.**

(૫૦)

**પ્ર.૨ (અ) આગારધર્મના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. દ્વાદશાંગીની સ્થાપના કોણ ક્યારે કરે?

**જ. તીર્થ સ્થાપનાના પહેલા જ દિવસે ગણધરો કરે.**

૨. નિર્ગ્રંથ પ્રવચનમાં શેનું પ્રાયશ્ચિત્ત હોતું નથી?

**જ. સત્ય, તથ્ય અને વાસ્તવિક ભાવોનું.**

૩. વહ્નિદશા સૂત્રમાં કોની વાત કરવામાં આવી છે?

**જ. ભગવાન અરિષ્ટનેમિ અને બળભદ્ર રાજાના નિષધકુમાર આદિ ૧૨ રાજકુમારોની વાત કરવામાં આવી છે.**

૪. આગાર ધર્મને ...... અણગાર ધર્મને ....... કહે છે.

**જ. શ્રાવકધર્મ, સાધુધર્મ.**

૫. શ્રાવકનું ગુણસ્થાન, ગુણ, અભિગમ, ઈન્દ્રિય લખો.

**જ. શ્રાવકનું ગુણસ્થાન – પાંચમું, ગુણ – ૨૧, અભિગમ – ૫, ઈન્દ્રિય – ૫.**

૬. શ્રાવકધર્મની દુર્લભતા જાણીને શું કરવાનું છે?

**જ. શ્રાવકધર્મની દુર્લભતા જાણીને આરાધક શ્રાવક બનવા સમ્યક્ પરાક્રમ કરવાનું છે.**

૭. મહાવીર સ્વામીએ ભગવતી સૂત્રમાં કયા શ્રાવકના વખાણ કર્યા હતા? સુખવિપાક સૂત્રમાં કોને ૧૨ વ્રત ધરાવ્યા હતા?

**જ. ભગવતી સૂત્રમાં તુંગિયા નગરીના શ્રાવકોના, શંખ અને મંડૂક શ્રાવકના સુખવિપાક સૂત્રમાં સુબાહુકુમારને ૧૨ વ્રત ધરાવ્યા હતા.**

**(બ) નવતત્ત્વના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૪)**

૧. અંતરદ્વીપ ૨. મોક્ષ તત્ત્વ ૩. વૃત્તિસંક્ષેપ ૪. અશરણ ભાવના

૧. અંતરદ્વીપ – **ચારે બાજુ સમુદ્ર અને વચ્ચે જમીન હોય તે દ્વીપ. એક દ્વીપના અંતરે બીજો દ્વીપ હોય તે અંતરદ્વીપ.**

૨. મોક્ષ તત્ત્વ – **સકળ આત્માના પ્રદેશથી, સકળ કર્મનું છૂટવું, સકળ બંધનથી મૂકાવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ તત્ત્વ કહીએ. આત્મપ્રદેશ થકી સર્વથા કર્મનો ક્ષય થવો તે.**

૩. વૃત્તિસંક્ષેપ – **દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વૃત્તિનો સંક્ષેપ કરવો અને અભિગ્રહ તથા નિયમ આદિ ધારવા.**

૪. અશરણ ભાવના – **સંસારમાં કોઈ કોઈને શરણ નથી, એક ધર્મનું જ સાચું શરણ છે. ઉદા. અનાથી મુનિ.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૮)**

૧. પ્રથમ નરકમાં કેટલા પાથડા અને કેટલા આંતરા છે? પાથડાની નીચે કેટલા અને કયા કયા બોલ છે? સાતમી નરકની નીચે શું છે?

**જ. પ્રથમ નરકમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. પાથડાની નીચે ચાર બોલ છે – ૧) ૨૦૦૦૦ યોજનનો ઘનોદધિ છે. ૨) અસંખ્યાત યોજનનો ઘનવાત છે. ૩) અસંખ્યાત યોજનનો તનવાત છે. ૪) અસંખ્યાત યોજનનું આકાશ છે. સાતમી નરકની નીચે અસંખ્યાત યોજનનું આકાશ લોકના છેડા સુધી છે. ત્યારબાદ અનંતો અલોક છે.**

૨. અધર્માસ્તિકાયના વિસ્તારથી અને ટૂંકમાં કેટલા અને કયા ભેદ છે તે લખો.

**જ. અધર્માસ્તિકાયના વિસ્તારથી ભેદ – પાંચ ભેદ, દ્રવ્યથી એક, ક્ષેત્રથી આખા લોક પ્રમાણે, કાળથી અનાદિ અનંત, ભાવથી અવર્ણે, અગંધે, અરસે, અફાસે (અરૂપી), ગુણથી સ્થિર સહાય. ટૂંકમાં – ત્રણ ભેદ અધર્માસ્તિકાયનો સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ.**

૩. આસ્રવ તત્ત્વના સામાન્ય અને વિશેષ પ્રકારે કેટલા ભેદ છે? એક થી સાત ક્રિયાના નામ લખો.

**જ. આસ્રવ તત્ત્વના સામાન્ય પ્રકારે ૨૦ ભેદ અને વિશેષ પ્રકારે ૪૨ ભેદ છે. ૧) કાઈયા ક્રિયા ૨) અહિગરણિયા ક્રિયા ૩) પાઉસિયા ક્રિયા ૪) પારિતાવણિયા ક્રિયા ૫) પાણાઈવાઈયા ક્રિયા ૬) આરંભિયા ૭) પરિગ્ગહિયા.**

૪. પાપ તત્ત્વ એટલે શું? દર્શનાવરણીય કર્મના ઉદયે કેટલા અને કયા પ્રકારે પાપના ફળ ભોગવે?

**જ. અશુભ કરણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી, જેના ફળ આત્માને ભોગવતા કડવા લાગે તેને પાપ કહીએ. જેણે કરી અશુભ કર્મના પાપનો સંચય તથા ઉદય થવાથી દુ:ખનો અનુભવ થાય છે તે પાપ. તેનું સ્વરૂપ તે પાપ તત્ત્વ. દર્શનાવરણીય કર્મના ઉદયે નવ પ્રકારે ભોગવે. ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય, કેવળ દર્શનાવરણીય, નિદ્રા, નિદ્રા–નિદ્રા, પ્રચલા, પ્રચલા–પ્રચલા, થીણદ્ધિ નિદ્રા.**

૫. વ્યાવહારિક જીવનમાં પુણ્ય તત્ત્વ અને બંધ તત્ત્વને જાણીને શું કરશું? ત્રણ–ત્રણ મુદ્દા લખો.

**જ. પુણ્ય તત્ત્વ – પાના નં. ૧૦૯, બંધ તત્ત્વ – પાના નં. ૧૧૦.**

૬. દેવતાના ભેદ કેટલા? કેવી રીતે? કોના કેટલા ભેદ?

**જ. ૧૯૮. ભવનપતિના ૫૦ ભેદ – ૧૦ ભવનપતિ + ૧૫ પરમાધામી = ૨૫ ના અપર્યાપ્તા + પર્યાપ્તા = ૫૦**
**વાણવ્યંતરના ૫૨ ભેદ – ૧૬ વ્યંતર + ૧૦ જૃંભકા = ૨૬ ના અપર્યાપ્તા + પર્યાપ્તા = ૫૨**
**જ્યોતિષીના ૨૦ ભેદ – ૫ અઢીદ્વીપમાં ચર + ૫ બહાર અચર = ૧૦ ના અપર્યા.+ પર્યા. = ૨૦**
**વૈમાનિકના ૭૬ ભેદ – ૧૨ દેવલોક + ૩ કિલ્વિષી + ૯ લોકાંતિક + ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાન = ૩૮ ના અપર્યાપ્તા + પર્યાપ્તા = ૭૬**

**(૩) માત્ર સંખ્યા લખો. (૩)**

૧. તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ – **૨૦** ૨. મોક્ષના દ્વાર – **૯** ૩. નામ કર્મની ઉ. સ્થિતિ – **૨૦ ક્રો.ક્રો. સાગર**
૪. સ્વાધ્યાયના ભેદ – **૫** ૫. રૂપી અજીવના ભેદ – ૪/**૫૩૦** ૬. સામાયિક ચારિત્રના ગુણસ્થાન – **૬ થી ૯**

**(૪) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. કાયકલેશ ....... તપ છે. ....... તત્ત્વમાં શમાવેશ થાય છે. | **બાહ્ય, નિર્જરા** |
| ૨. સ્પર્શથી દુ:ખ થાય એ ....... પરિષહ છે. તે પરિષહના ...... ભેદ છે. | **તૃણ સ્પર્શ, ૨૨** |
| ૩. ૧૭ મું પાપ ...... છે. તે ....... તત્ત્વમાં આવે છે. | **માયામોસો, પાપ** |
| ૪. ક્રોધ કરવાથી ....... ક્રિયા લાગે. તે ક્રિયાના ....... ભેદ છે. | **દોસવત્તિયા, ૨૫** |
| ૫. સ્પર્શના ....... ભેદ છે અને ખરખરાનો વિરોધી સ્પર્શ ....... છે. | **૮, સુંવાળો** |

**(૫) નીચે આપેલા વાક્યોમાં કયા તત્ત્વનો કયો ભેદ લાભે તે લખો. (૫)**

| | જવાબ | તત્ત્વ |
|---|---|---|
| ૧. ગુણ થકી અવગાહનાદાન | **આકાશાસ્તિકાય** | **અજીવ તત્ત્વ** |
| ૨. નંદ મણિયારને ૧૬ રોગ ઉત્પન્ન થયા | **અશાતા વેદનીય** | **પાપ તત્ત્વ** |
| ૩. મરુદેવી ગૃહસ્થ વેશે મોક્ષે ગયા | **ગૃહસ્થલિંગ સિદ્ધા** | **મોક્ષ તત્ત્વ** |
| ૪. યક્ષ હરવા–ફરવાની રુચિવાળા છે | **વાણવ્યંતર** | **જીવ તત્ત્વ** |
| ૫. અર્જુનમાળીએ પોતાના અપરાધોની આલોચના કરી | **પ્રાયશ્ચિત્ત** | **નિર્જરા તત્ત્વ** |

**(ક) ૩૨ આગમના આધારે જવાબ લખો. (૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. અંગસૂત્રને શું કહેવાય છે? તેમાં શેનું સંકલન છે?

**જ. દ્વાદશાંગી, બાર સૂત્રોનું.**

૨. જીવાભિગમ સૂત્રમાં શેનું વર્ણન છે?

**જ. જીવ, અજીવના ભેદ, પ્રભેદ, રૂપી, અરૂપી જીવોનું વર્ણન છે.**

૩. આવશ્યક સૂત્ર એટલે શું? તેનું બીજું નામ શું છે?

**જ. ચતુર્વિધ સંઘને પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય છે તે આવશ્યક સૂત્ર. પ્રતિક્રમણ સૂત્ર.**

૪. અસજ્ઝાય કોને નડતી નથી?

**જ. ૩૨ આગમ સૂત્ર સિવાયના અન્ય કોઈપણ ગ્રંથો, સાહિત્ય, પાઠો, કવિતાઓ, શ્લોકો, ગુજરાતી કે અન્ય ભાષામાં કરાયેલ અનુવાદને અસજ્ઝાય નડતી નથી.**

૫. ૧૧ અંગસૂત્રના રચયિતા કોણ છે? ૧ થી ૩ અંગસૂત્રના નામ લખો.

**જ. સુધર્મા સ્વામી. ૧) આચારાંગ સૂત્ર, ૨) સૂયગડાંગ સૂત્ર, ૩) ઠાણાંગ સૂત્ર.**

૭. ૬૩ શ્લાઘનીય પુરુષ તેમ જ ૫ આસ્રવ–૫ સંવરનું વર્ણન શેમાં છે?

**જ. ૬૩ શ્લાઘનીય પુરુષનું વર્ણન સમવાયાંગ સૂત્ર તેમ જ ૫ આસ્રવ–૫ સંવરનું વર્ણન પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં છે.**

**(૨) જોડકા જોડો.** **(૨)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. દશવૈકાલિક સૂત્ર | ૧. સાધુના આચારનું વિધિ કલ્પ | **૪. વિનયનું વર્ણન** |
| ૨. ઉત્તરાધ્યયન સૂત્ર | ૨. ગતાગતનું વર્ણન | **૩. અંતિમ દેશના** |
| ૩. બૃહત્કલ્પ સૂત્ર | ૩. અંતિમ દેશના | **૧. સાધુના આચારનું વિધિ કલ્પ** |
| ૪. પ્રજ્ઞાપના સૂત્ર | ૪. વિનયનું વર્ણન | **૨. ગતાગતનું વર્ણન** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ત્રણથી ચાર લીટીમાં)**

૧. મેઘકુમારના માતા–પિતા–ભાઈનું નામ શું હતું? તેમનું નામ મેઘકુમાર શા માટે પડ્યું?

**જ. માતા – ધારિણી રાણી, પિતા – શ્રેણિક રાજા, ભાઈ – અભયકુમાર. માતાના ગર્ભમાં આવ્યા ત્યારે રાણીને મેઘ માણવાની ઈચ્છા ઉત્પન્ન થઈ હતી, તેથી નામ મેઘકુમાર નામ પડ્યું.**

૨. મૃગાપુત્ર દારક જન્મથી કેવા હતા?

**જ. અંધ, બહેરો, મૂંગો અને પાંગળો હતો. તેના શરીરમાં અનેક પ્રકારના રોગો ભરેલા હતા. તેના શરીરમાં ન હાથ હતા, ન પગ હતા, કાન, આંખ અને નાક પણ ન હતા, અંગોપાંગની માત્ર આકૃતિ હતી.**

૩. મેઘ મુનિએ પૂર્વભવનો વૃત્તાંત સાંભળીને મહાવીર સ્વામીને શું કહ્યું? તેઓ કાળ કરીને ક્યાં ગયા?

**જ. હે પ્રભુ ! આજથી મારી બંને આંખો સિવાય મારું આખું શરીર સાધુઓની સેવા માટે સમર્પિત કરું છું. કાળ કરીને તેઓ વિજય નામના પ્રથમ અનુત્તર વિમાનમાં દેવરૂપે જન્મ પામ્યા.**

૪. મૃગાપુત્ર પૂર્વભવમાં કોણ હતા? તેણે કેવા પાપ ઉપાર્જન કર્યા હતા?

**જ. પૂર્વભવમાં ખેડના અધિપતિ ઈક્કાઈ નામના રાઠોડ હતા. તે કરને વસૂલ કરવા પ્રજાને ઘણી પીડા આપતો હતો. વાતવાતમાં લોકોને કઠોર દંડ દેતો, ખોટા આરોપ લગાવીને મારતો–પીટતો અને વધ કરી દેતો હતો. લોકોનું ધન લૂંટી લેતો, ચોરો દ્વારા લૂંટાવી દેતો, યાત્રિકોને મારતો–લૂંટતો.**

૫. દશાર્ણભદ્ર રાજાએ દીક્ષા લેતા શક્રેન્દ્રએ તેમને શું કહ્યું?

**જ. મહાત્મા ! આપે દીક્ષા લીધી છે તેથી આપ મારા વંદનિક, પૂજનિક બની ગયા છો. આપની આત્મઋદ્ધિ પાસે મારી ભૌતિક ઋદ્ધિ શું વિસાતમાં છે? આપ ધન્ય છો. આપ હવે છકાયને અભય દેનારા બની ગયા, ૧૭ ભેદે સંયમ પાળનાર બની ગયા, તેથી આપના ત્યાગ, વૈરાગ્યને ધન્ય છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | |
|---|---|
| ૧. યઃ સંસ્તુતઃ ........ જિનેન્દ્રમ્ | **પાના નં. ૧૨૪ ગાથા ૨** |
| ૨. અલ્પશ્રુતં ......... હેતુઃ. | **પાના નં. ૧૨૪ ગાથા ૬** |
| ૩. ચોવીસે ......... ત્રણ કાળ. | **પાના નં. ૧૨૭ કડી ૧૦૭/૧૦૮** |
| ૪. સુધર્મા ........ નામ. | **પાના નં. ૧૨૬ કડી ૯૨/૯૩** |
| ૫. કાકંદીનો ......... અણગાર. | **પાના નં. ૧૨૫ કડી ૮૦/૮૧** |